


**પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો**

## ‘સફાઇ’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે **‘સફાઇ’**. તમારી મૌલિક કૃતિ અમને 24-10-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો. Email:sannari@gujaratmitra.in - સંપાદક

## અહંકાર એક અદૃશ્ય દીવાલ

‘હું’નું વજન વધી જાય,
ત્યારે શબ્દોનું વજન ઓછું થાય...
અહંકાર એ કોઈ ઊંચાઈ નથી
પણ એ પતનની શરૂઆત છે...
માણસ પણ માટીનો છે છતાં
માને કે અહંકાર એક દાગીનો છે...
અહંકારના મહેલ હોય મોટા
ત્યાં માણસનાં મન હોય નાનાં...
અહંકાર છોડો પ્રેમને સ્થાન આપો
દુનિયામાં રહી માનવતા ને માન આપો...

**શ્વેતા ચનીયારા (મોરબી)**

## અહંકાર કલયુગમાં છે માણસે માણસે....

મતિ છે જુદી હરકોઈ માણસે માણસે,
અહંકારનું અહીં ઝેર છે માણસે માણસે.
શ્વાનની જેમ ઘુરક્યા કરે, સામે મળે કોઈ તો,
કોણ જાણે ગત જન્મના વેર છે માણસે માણસે.
કોઈ લલચાય કોઈ ભોળવાઈ એકબીજામાં,
મીઠડી વાણીમાં કાતિલ ઝેર છે માણસે માણસે.
ડામાડોળ સંસારમાં થોડું સરખું ચાલે ત્યાં,
એક સાંધો ને તેર તૂટે, અહીં માણસે માણસે.
જેવું એકે કર્યું એનાથી બીજો બમણું ચોગણું કરે,
‘યોગી’, અહંકાર કલયુગમાં છે માણસે માણસે.

**- યોગેન્દ્ર પટેલ (સુરત)**

## ક્યાં હતી જાણ મને

એકવીસમી સદીમાં પહોંચેલો તું
સમગ્ર પૃથ્વી પર તારો જ અધિકાર સમજશે?
વાતાવરણ,પર્યાવરણ, રંગભરી જીવસૃષ્ટિને
અવનવા ઉદ્યોગોથી પ્રદૂષિત કરીને
દુર્દશાની ગર્તામાં તું મને ધકેલશે?
તું તો કહે છે :‘ચંદ્ર સુધી હું પહોંચ્યો છું’
પરંતુ તું મારા સુધી પહોંચ્યો છે ખરો?
વિકાસના રંગે રંગાઈને
વિનાશના માર્ગે દોરાયેલો તું
ગ્લોબલ વોર્મિંગની તને ખબર તો છે ને?
તારા હાથના કર્યા જ તારે હૈયે વાગ્યા છે
અરે...રે...માનવી
તારી કરુણતા નિહાળી
મારા દિલના ઘા હરપળ અસહ્ય થતાં જાય છે
તારા અહંકારને ત્યજી તું મર્યાદામાં રહેશે
ખરો?
- લિ. તારી જ યાતના પીડિત પ્રકૃતિ માતા

**- ચંદ્રપ્રભા આર. કુંવર (સુરત )**

## ગુમાન છોડ

મારું મારું તે ગુમાન છોડ
હું કરું હું કરું તે ભ્રમણા તોડ
ઇશ્વરનું આપેલું અંતે ઇશ્વરમાં જ સમાશે
વધુ અહંકાર સર્વનાશ સાથે ડુબાડશે
સંબંધોના અંત સાથે એકલતા આવશે
તેથી ચેતતો માનવી સદા સુખી
શ્વાસ પણ ચાલે છે પ્રભુના સથવારે
તો શાને રહેવું અહંકારને ઓથારે
અહંકારમાં એક પ્રકારનો હોય છે હુંકાર
અહંકાર એવો છે રોગ
જેમાં પ્રત્યેક માનવીનો લેવાય છે ભોગ
નકામો છે અહંકારનો અંધકાર
આપણે સૌ છીએ કુદરત સામે લાચાર

**-મંગેશ ઉપાધ્યાય**

## અહંકાર

અહંકાર આવ્યો મનમાં,
દૂર થયા સૌ સાથ;
પોતાને મોટો માન્યો,
ખોવાઈ ગયો પોતાનો હાથ.
ઊંચા વૃક્ષે ફળ આવે,
તોય ડાળી નમે વારંવાર;
જ્ઞાન વધે તેમ નમ્ર બનો,
એ જ જીવનનો સાચો સાર.
ધન, દોલત ને રૂપ બધું,
રહી જાય અહીં જ એક દિવસ;
નમ્ર હૃદય જે જીતી લે,
એનું નામ રહે સદાય અમર.

**- વૃંદા જે. દેસાઈ**

## હાઈકુ

ફૂલને ગર્વ
નિજ નજાકતનો
લુપ્ત ક્ષણવારમાં.
***
યુવાને મદ
અલોપ થઈ જાય
જરાવસ્થામાં
***
ગુમાન કરી
નફરતને પાત્ર
બને માનવી.

**- રેખા બાબુલાલ વડગામા(રાજકોટ)**



## હું અને સચ્ચિદાનંદ

આત્મા તો છે અખંડિત, સીમા બાંધે અહંકાર;
જેમ ઘટે ઘડામાંહી, પૂર્યો આકાશનો આકાર.
સંસારે જીવવા કાજે, ‘હું’ નું હોવું જરૂરી છે;
ધર્મ ને કર્મ રાખવા, એની હાજરી પૂરી છે.
પરંતુ અતિરેકે એ, આંધળો મોહ જગાડે;
કર્તાભાવ તણો ગર્વ, આત્માને એ જ ડૂબાડે.
ઓગળે અહંતા જ્યારે, ત્યારે ‘શંકર’ પ્રગટશે;
બુંદ આ સાગરે ભળી, સચ્ચિદાનંદ થઈ જશે.
દૂર કર અહં મારો, હે નાથ ભવતારક!
ઓગાળ આ જ ‘શંકર’ને, તારામાં શિવકારક!

**- તેજેશ પટેલ**

## ગઝલ

ભીને વાન છતાં હું લાગું કેવો સુંદર!
સોનેરી લંકાનો જાણે હું
માણીગર!
જોરાવર પણ કેવો? ભીમ તો પાણી ભરતો!
ને શાસ્ત્રોનો હું તો જાણે અરબી સાગર!
Capital ‘I’ નો મારો મોભ્ભો, જાણો છો?
બીજા ચોવીસ-પચ્ચીસ મારી આગળ પામર!
અજોડ-અનુપમ છું અસ્ત્રો તેમ જ શસ્ત્રોમાં,
શું ટકવાના મારી આગળ રીંછ ને વાનર?

**-બકુલેશ દેસાઈ**

## અહંકાર

‘હું’ના પથ્થર નીચે દબાયું છે સત્ય,
અહંકાર તો છે બસ ક્ષણભંગુર નૃત્ય.
બિંદુ થઈને સિંધુ હોવાનો આભાસ રાખે,
બળીને રાખ થાય, તોયે એ રાખનો લિબાસ રાખે.
જ્યાં સુધી શૂન્ય થવાની નથી ક્ષમતા,
ત્યાં સુધી પૂર્ણ થવાની કોઈ નથી પાત્રતા.
વૃક્ષ નમે તો ફળ પણ આપે,
અહંકાર તો માત્ર સગપણ કાપે.
માટીનો આ દેહ છે ભાઈ,
શાને કરે તું મિથ્યા બડાઈ?

**-નિરાલી ઠોરિયા (મોરબી)**

## અહંકારી આદમ જાત

માટીનો આ દેહ તારો ને શ્વાસ પણ ઉધાર છે,
તોય દિલમાં અહંકાર રાખી જીવતો સંસાર છે.
ઇબ્લીસે પણ અગ્નિ કેરી આગમાં અભિમાન કર્યું,
હું ચડિયાતો આદમ કરતાં કહીને પતન વહોરી લીધું.
એક ક્ષણના અહંકારે એ સદા ધિક્કાર પામી ગયો,
ખુદાના દરબારમાંથી એ કાયમ માટે કાઢી મુકાયો.
ધરતી પર તું અક્કડ ચાલે, શી તારી ઔકાત છે?
પર્વત જેવો ઊંચો નથી તું, ધૂળ તારી જાત છે.
કુરઆન કહે છે ઘમંડીને ખુદા પસંદ કરતો નથી,
દોલત ને સત્તા તણી આ બાજી કાયમ ટકતી નથી.
જે નમે છે ખુદા સામે, એને એ બુલંદ કરે,
અહંકાર ત્યજીને ચાલ, તો ખુદા તારી રક્ષા કરે.

**- યુનુસ આર. શેખ (સુરત)**

## ના ગણકારશો

ના ના, એ આવે તો આવવા ના દેશો,
ને અંદરનું બારણું તો ક્યારેય ના ખોલશો!
વેરવિખેર એ કરશે સૌને,
ને સઘળું કરશે ચકનાચૂર!
પોતાનાથી જ પોતાનાને કરશો દૂર,
ને પછી આવશે આંસુડાંનું પૂર.
પંખીઓ ઊડશે ને માળો વિખરાશે,
શાંતિથી જપતા માન-સન્માન ઊડી જાશે!
ઓળખી જાજો એને વહેલા,
વાત એની માનો તો પહેલાં.
આ અહંકારને જરીયે ના ગણકારશો,
આપણી લાગણીઓને જ પ્રેમથી આવકારજો!

**- રીટા સંજય વશી**

## ગઝલ

સઘળા અહંકારથી દૂર છું
સઘળે, એટલે તો મશહૂર છું.
આ, અભિમાનીઓની સમક્ષ,
ફક્ત, મિજાજથી મગરૂર છું.
સાદગીભર્યું છે જીવન મારું,
સાદગીમાં ચકનાચૂર છું.
પરસેવાની કમાણી મેળવતો,
આમ-આદમી મજદૂર છું.

**- ઇમરાનખાન (કઠોર)**

## લઘુકાવ્ય

મહાજ્ઞાની રાવણને
હણી નાખ્યો,
એના
અહંકારે.
----
નાવને
અહંકારી છિદ્રે,
ડૂબાડી.
----
અહંકાર રાજાને પણ
બનાવે છે
રંક.

**- કિશોર આર. ટંડેલ (નવસારી)**

## અહંકાર

ધીરે ધીરે અહંકાર વધતો રહ્યો,
ધીરે ધીરે બાજી હારતો રહ્યો.
લાગણીના લાવામાં અહમ ભસ્મ થયો,
ઉર - ઉપવને ફૂલ બની મહેકતો રહ્યો.

**- બિમલ ચૌહાણ (ભરૂચ)**

## અહંકાર

અહંકારી સૂરજ સામે કવિએ
શબ્દ દીપક સળગાવ્યો ઝાંખું પડી ગયું
સૂરજનું તેજ!
**
અહંકારી વૃક્ષ ના ઝૂક્યું
વાવાઝોડામાં, પડી ગયું પણ ઘાસ
ઝૂકીને રહી ગયું ટટ્ટાર!
**
અહંકારી દાંતની વિકેટ પડી ગઈ,
ઋજુ જીભ, મૃત્યુપર્યંત રહી :
અણનમ!
**

**-રમેશ પટેલ (સુરત**